# સફળ વાર્તા



## "બીટની સજીવ ખેતી"

ડો. વી.સી.ગઢીયા, ડો. કે. પી.બારૈયા, શ્રીમતિ એ. કે. બારૈયા અને શ્રી એસ. એચ. લાખાણી
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર

ખેડુતની માહિતી

| | | |
|---|---|---|
| ખેડુતનું નામ | : | ત્રાળા અમૃતભાઈ પરસોતમભાઈ |
| ફોન નં. | : | ૯૯૭૪૪૮૪૫૩૯ |
| એડ્રેસ | : | ગામ :માંડાસણ<br>તા. જામજોધપુર<br>જી. જામનગર |
| ઉંમર | : | ૫૭ વર્ષ |
| અભ્યાસ | : | ૧૦ પાસ |
| જમીન | : | ૩ હેકટર |
| પાકનું નામ | : | બીટ, ગલકા, રીંગણ, લસણ, ડુંગળી |
| પશુઓની સંખ્યા | : | ૧ ગાય, ૨ ભેંસ |
| વ્યવસાય | : | ખેતી |

શ્રીઅમૃતભાઈ પરસોતમભાઈ ત્રાળા ખુબ જ ઉત્સાહિત, ખંતિલા અને સખત મહેનતુ ખેડુત છે. માંડાસણ ગામ ખુબ જ અંતરીયાળ ગામ છે અને જમીન પણ અસમતલ છે. વરસાદ પણ માત્ર સરેરાશ વાર્ષિક૩૫૦ થી ૪૦૦ મી.મી. જેટલો પડે છે. બાગાયતી પાકોની શકયતા પણ આ વિસ્તારમાં ઓછી છે તેમજ રોઝ અને ભુંડનો મુખ્ય પ્રશ્ન છે. અમૃત ભાઈએ પોતાના ખેતરની ફરતે સૂરક્ષિત કાંટાળા તારની વાડ બનાવી છે.

અમૃતભાઈના પરિવારનો સંપુર્ણ આધાર માત્ર ખેતી પર છે. આવકનો બીજો કોઈ પણ સ્ત્રોત નથી. પરંતુ તેમણે ખેતીમાં અંગત રસ લઈ ધંધા તરીકે સ્વીકારી અને બાગાયતી પાકો તથા શાકભાજી પાકોની સજીવ ખેતી ચાલુ કરી.

શ્રીઅમૃતભાઈ પરસોતમભાઈ ત્રાળા ખુબ જ ખંતિલા અને કઈક નવું કરવાની ધગશ ધરાવે છે. તેઓ છેલ્લા ૩૦ વર્ષથી મગફળી, કપાસ, મકાઈ, રજકો અને અન્ય ધાસચારાના પાકોની ચીલા ચાલુ ખેતી કરતા હતા. થોડા અનુભવ પછી તેઓ રીંગણ, ડુંગળી અને લસણની ખેતી પોતાના ખેતરમાં અપનાવી.ત્યાર બાદ કૃષિમહોત્સવ અને ખેડુત તાલીમ કાર્યક્રમમાં ભાગ લઈ તેઓ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગરના વૈજ્ઞાનિકોના સંપર્કમાં આવતાં અને ઘીમે ઘીમે તમામ કાર્યક્રમોમાં ઉત્સાહ પૂર્વક ભાગ લેતા થયા. કૃષિ વૈજ્ઞાનિકો પાસેથી તેમણે શાકભાજીની સજીવ ખેતી વિષની માહિતીમેળવી અને બીટની સજીવ ખેતી કરવાનું નકકી કર્યુ. શરૂઆતમાં ઘણી મુશ્કેલીઓ પડતી પરંતુ સતત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગરના વૈજ્ઞાનિકોના સંપર્કમાં રહી તેમણે પોતાની મુશ્કેલીઓ દૂર કરી.

તેમને સજીવ અને રાસાયણીક ખેતીથી થતા બીટમાં ચોખ્ખો તફાવત જોવા મળ્યો. સજીવખેતીથી ઉત્પાદિત બીટમાં એક સરખી મોટી સાઈઝ, સારો વિકાસ, આકર્ષિત કલર, ગુણવત્તા અને સ્વાદની દ્રષ્ટિએ રાસાયણિક ખેતીથી ઉત્પાદિત બીટ કરતા ખૂબજ ચડિયાતા હતા.

તેઓએ ટેલીફોન પધ્ધતિથી ગલકાનું મુખ્ય પાક તરીકે અને તેમાં આંતરપાક તરીકે બીટનું ટપક પધ્ધતિથી વાવેતર કરેલ. આ ઉપરાંત તેમણે કોઈપણ પ્રકારના રાસાયણીક ખાતર કેજંતુનાશક દવાનો ઉપયોગ કરેલ ન હતો. પરંતું તેમણે જૈવિક પ્રવાહી ખાતર, સારું કોહવાયેલ દેશી ખાતર, અળસિયાનું ખાતર તેમજ લીંબોળીના ખોળનો ઉપયોગ કરીને ઓર્ગેનિકબીટ અને ગલકાની ખેતી કરેલ. વધુમાં તેમણે પાક સંરક્ષણના મુદાને ધ્યાને લઈ જીવાત નિયંત્રણ માટેલીંબોળીનું તેલ, બ્યુવેરીયા બેઝીયાના, ટ્રાયકોડર્મા, જીવામૃત ખેતર પર જાતે તૈયાર કરી ઉપયોગ કરેલ અને પંચગવ્ય તેમજ ગૌમૂત્રનો પણ ઉપયોગ કરેલ હતો.

તેઓએ ૧ હેકટર જમીનમાંથી રૂા.૧૩૫૦૦૦/– ના ગલકા ઉપરાંત રૂા. ૧૪૫૦૦૦/– ના બીટ એમ કુલ રૂા. ૨૮૦૦૦૦/– નું ઉત્પાદન લીધેલ. એક હેકટરમાં કુલ રૂા. ૨૭૦૦૦/– ના ખર્ચ સામે રૂા. ૨૫૩૦૦૦/– નોચોખ્ખોનફો મેળવેલ.

આજે જયારે ચારેબાજુ સજીવખેતીના ગુણગાન ગવાઈ રહયા છે ત્યારે તેમણે સજીવખેતીની શરૂઆત કરેલ છે જે ખરેખર પ્રશંસાને પાત્ર છે અને છેલ્લા છ વર્ષથી ૩ હેકટર જમીનમાં કંઈક ને કંઈક નવીન કરતા રહે છે. તેમણે પોતાના ઉત્પાદનનું વેચાણ જામનગર જીલ્લાની ખેડુત માર્કેટમાં રીટેલ અને જામજોધપુરના માર્કેટ યાર્ડમાં કરેલ હતું.

| | |
|---|---|
|  |  |
| **ખેડુત અમૃતભાઈ અને તેમનું ખેતર** | **ટપક પધ્ધતિ સાથે બીટનું વાવેતર** |
|  |  |
| **વૈજ્ઞાનિકોની ક્ષેત્રીય મુલાકાત** | **ગલકા અને બીટનો આંતરપાક** |